**Gujarat Samachar Pg 7, 6th July 2022**

ગુજરાત સમાચાર

# આઈસી૧૫ ઈન્ડેક્સ ૬૪૧ પોઈન્ટ વધ્યો

મુંબઈ, તા. ૫: મંગળવારે ક્રીપ્ટોકરન્સી માર્કેટમાં મોટો સુધારો થયો હતો, પરંતુ પ્રોફિટ બુકિંગને લીધે એમાં ઘટાડો આવ્યો હતો. બિટકોઈન ઈન્ટ્રાડે ધોરણે ૨૦,૪૦૦ ડોલર સુધી પહોંચ્યા બાદ ૧૯,૮૦૦ની આસપાસ ટ્રેડ થઈ રહ્યો હતો.

અગાઉ, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ મંગળવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૨.૪૭ટકા (૬૪૧પોઈન્ટ) વધીને ૨૬,૫૯૯પોઈન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૨૫,૯૫૬ ખૂલીને ૨૭,૪૯૫ સુધીની ઉપલી અને ૨૫,૮૯૨ પોઈન્ટની નીચલી સપાટીએ ગયો હતો.

## ૩૦ મે પછી FIIની ખરીદી

મુંબઈ, તા. ૫

વિવિધ પ્રતિકૂળ અહેવાલો પાછળ વિદેશી રોકાણકારો દ્વારા ગત તા. ૩૦ મે પછી સતત વેચવાલી હાથ ધરાયા બાદ આજે તેઓએ રૂ. ૧૨૯૫ કરોડની નવી લેવાલી હાથ ધરી હતી.